# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119

મધ્યસ્થ કાર્યાલય : ૪૦૩, ૪૦૪ - નૈનધારા, ગ્રાન્ડ ભગવતી પાસે, એસ. જી. રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૪ ફોન :+૯૧૭૯ ૨૬૮૫૪૭૮૨ ફેક્સ : +૯૧૭૯ ૪૦૦૦૭૭૩૨
Email : lomap@lohanamahaparishad.org website : www.lohanamahaparishad.org

# એવોર્ડ નોમીનેશન માટેનું અરજી ફોર્મ

પુરુ નામ તથા સરનામુ
(પીનકોડ સાથે) : ____________________

____________________

____________________

____________________

ફોન : ઘર ____________ ઓફિસ : ____________ મો. ____________

ઈમેઈલ આઈ. ડી. : ____________________
(અચૂક લખવો)

સ્ત્રી / પુરૂષ : ____________ જન્મ તારીખ : ____________

શૈક્ષણિક લાયકાત : ____________________

જે એવોર્ડ માટે અરજી કરી હોય તેની કેટેગરી સ્પષ્ટ રીતે દર્શાવવી :

૧) મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ
શ્રેષ્ઠ રઘુવંશી કન્યા / કુમાર છાત્રાલય એવોર્ડ : ( )

૨) પ. પૂ. પ્રાતઃ સ્મરણીય સંત શ્રી હરીરામ બાપા પ્રેરિત
(શ્રી હરીરામ સેવા કેન્દ્ર, અમદાવાદ)
શ્રેષ્ઠ રઘુવંશી ગૌ સૈવા કેન્દ્ર / ગૌ સેવક એવોર્ડ : ( )

૩) શ્રીમતી કમલબેન કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા)
શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડ ( સંઘર્ષ ગાથા આધારિત) : ( )

૪) મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ
શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ (વિશિષ્ટ સેવા - વિશિષ્ટ પ્રવૃત્તિ) : ( )

(લાગુ પડતા હોય ત્યાં '√' નિશાની કરી બાકીના ત્રણ સામે 'X' નિશાની કરવી.)

★ અરજી કરી હોય તે એવોર્ડ જે સિદ્ધિઓ /કાર્યો /વિશિષ્ટતાઓ વિગેરે આધારે કરેલી હોય તેની સ્પષ્ટ વિગતો સ્થાનિક લોહાણા મહાજનનાં પ્રમુખ તથા મંત્રીનાં સહી - સિક્કાવાળા દસ્તાવેજી પુરાવાઓ સાથે.

૧
૨
૩
૪

(વધુ જરૂર જણાય તો જુદા પાના ઉપર લખી સાથે બીડવી)

...૨

★ આવી સિદ્ધિઓ /કાર્યો /વિશિષ્ટતાઓની શ્રેષ્ઠ ઝલક દર્શાવતી એક વિડીયો સીડી અચૂકપણે સાથે બિડવી. (જે કેટેગરીમાં આવી સીડી બનાવવી શક્ય કે વ્યવહારૂ ન હોય ત્યાં શ્રેષ્ઠ ફોટોગ્રાફસ - વધુમાં વધુ ૨૦ની સંખ્યામાં બીડવા.)

★ જે તે કેટેગરીનાં એવોર્ડ માટેની અરજી તથા રજૂઆતની તમામ વિગતો / સીડી / દસ્તાવેજી પુરાવા વિગેરે સ્થાનિક લોહાણા મહાજન મારફતે શ્રી લોહાણા મહાપરિષદનાં મધ્યસ્થ કાર્યાલયે નીચેના સરનામે મોડામાં મોડા તા.૩૧-૦૭- ૨૦૧૧ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા.

**: સરનામુ :**

## શ્રી લોહાણા મહાપરિષદ

**: મધ્યસ્થ કાર્યાલય :**

૪૦૩/ ૪૦૪, 'નૈનધારા', હોટલ ગ્રાન્ડ ભગવતી પાસે, અમદાવાદ - ૩૮૦૦૫૪
**Ph: +9179 26854782, Fax : +9179 40007732**
**Email : lomap@lohanamahaparishad.org**
**Website : www.lohanamahaparishad.org**

(નોંધ : નિર્ધારીત તારીખ બાદ મળેલ અરજીઓ એવોર્ડ માટે ધ્યાને લેવામાં આવશે નહીં.)

★ ઉપરોક્ત ૨૦૧૧નાં વર્ષનાં બીજા ૪ એવોર્ડસ એનાયત કરવાનું સ્થળ તથા તારીખ :

સ્થળ : મુંબઈ

તારીખ : ૧૭ તથા ૧૮, સપ્ટેમ્બર, ૨૦૧૧

★ એવોર્ડ એનાયત કરવા અંગેનો પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને સહુને બંધનકર્તા રહેશે.

★ અરજદાર / નોમીની જે તે કેટેગરીનાં એવોર્ડ માટે શા માટે હક્કદાર બનવા જોઈએ તે જુદા કાગળમાં વિગતવાર લખી મોકલવાનું રહેશે.

★ અરજદાર / નોમીની એ જે શહેર / ગામનાં લોહાણા મહાજનની ભલામણ કરાવી હોય તે લોહાણા મહાજનનું

નામ : ____________________

સરનામુ : ____________________

ફોન નં. : ____________ ઈમેઈલ : ____________

પ્રમુખનું પુરૂ નામ : ____________________

મોબાઈલ નં. : ____________ ઈમેઈલ : ____________

સ્થળ : ____________________

તારીખ : ____________ અરજદારની સહી : ____________

***

# શ્રી લોહાણા મહાપરિષદ

મધ્યસ્થ કાર્યાલય : ૪૦૩, ૪૦૪ - નૈનધારા, ગ્રાન્ડ ભગવતી પાસે, એસ. જી. રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૪ ફોન :+૯૧૭૯ ૨૬૮૫૪૭૮૨ ફેક્સ : +૯૧૭૯૪૦૦૦૭૭૩૨
**Email : lomap@lohanamahaparishad.org website : www.lohanamahaparishad.org**

## શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ૧ ૨ પૈકીનાં છેલ્લાં ૪ એવોર્ડસ અને તેનાં નોમિનેશન અંગેની માહિતી

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપને એ સુવિદિત છે કે, તા. ૪-૭-૨૦૧૦નાં રોજ શ્રી લોહાણા મહાપરિષદનાં પ્રમુખશ્રીની વરણીનાં દિવસે જ નવા વરાયેલ યુવા પ્રમુખશ્રી યોગેશભાઈ લાખાણીએ જાહેરાત કરેલી કે બુદ્ધિમતા / હુન્નર / લાક્ષણિક વિશિષ્ટતાઓ / ખાસ સેવા પ્રવૃત્તિ/ વ્યવસાયિક - સાંસ્કૃતિક - સંશોધક - સંગીત - નૃત્ય - રમતગમત શ્રેષ્ઠતા / શ્રેષ્ઠ કુમાર તેમજ કન્યા છાત્રાલય વિગેરે આધારિત અલગ અલગ એવોર્ડસની સ્થાપના કરવામાં આવશે. તે જાહેરાતનાં સંદર્ભમાં પોરબંદર મુકામે યોજાયેલી પ્રથમ કારોબારી સભામાં પ્રથમ ચાર એવોર્ડસ **૧. સ્વ. શ્રી વિજયભાઈ જમનાદાસ વડેરા (હ. વડેરા પરિવાર, ગોંદિયા) શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ, ૨. જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી જયંતિભાઈ ગોવિંદજી કુંડલીયા શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડ, ૩. સ્વ. શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ (હ. શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક) શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ, ૪. સ્વ. શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર (હ. શ્રી ઉમંગભાઈ હરિભાઈ ઠક્કર) શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ** જે તે દાતાશ્રીઓનાં આર્થિક સહયોગથી સ્થાપાયા અને સમગ્ર વિશ્વમાંથી તેનાં નોમીનેશન્સ આવતાં નિમાયેલી સમિતિએ તેમાંથી પસંદગી કરતાં **આ તમામ એવોર્ડસ નાગપુર મુકામે તા. ૩૦-૧-૨૦૧૧**નાં રોજ યોજાયેલી **કારોબારી સભામાં** સેંકડો જ્ઞાતિશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં એવોર્ડ પ્રાપ્તકર્તાઓની સિદ્ધિઓની ઝલક પ્રોજેક્ટર - સ્ક્રીન ઉપર દર્શાવી તાળીઓનાં ગડગડાટ સાથે દાતાશ્રીઓનાં હસ્તે અથવા દાતાશ્રીઓનાં પ્રતિનિધિઓનાં હસ્તે એનાયત થયા.

ત્યારબાદનાં બીજા ચાર એવોર્ડસ, **૧. શ્રેષ્ઠ રઘુવંશી બાળ / કિશોર પ્રતિભા એવોર્ડ, ૨. શ્રેષ્ઠ રઘુવંશી ખેલ પ્રતિભા એવોર્ડ ( રમતગમત/ સાહસ ), ૩. સ્વ. પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી (હ : શ્રી મણિભાઈ એન. કાથરાણી) શ્રેષ્ઠ રઘુવંશી વ્યાવસાયિક પ્રતિભા એવોર્ડ, ૪. મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડ (કલા / સંગીત / નૃત્ય / ફોટોગ્રાફી વિ.)** જે તે દાતાશ્રીઓનાં આર્થિક સહયોગથી નાગપુર મુકામે યોજાયેલી તા. ૩૦-૧-૨૦૧૧ની કારોબારી સભામાં સ્થાપાયા અને સમગ્ર વિશ્વમાંથી તેનાં નોમીનેશન્સ આવતાં નિમાયેલી સમિતિએ તેમાંથી પસંદગી કરતાં **આ તમામ એવોર્ડસ વડોદરા મુકામે તા. ૮-૫-૨૦૧૧**નાં રોજ યોજાયેલી **કારોબારી સભામાં** સેંકડો જ્ઞાતિશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં એવોર્ડ પ્રાપ્તકર્તાઓની સિદ્ધિઓની ઝલક પ્રોજેક્ટર - સ્ક્રીન ઉપર દર્શાવી તાળીઓનાં ગડગડાટ સાથે દાતાશ્રીઓનાં હસ્તે અથવા દાતાશ્રીઓનાં પ્રતિનિધિઓનાં હસ્તે એનાયત થયા.

૨૦૧૦ - ૨૦૧૧નાં વર્ષનાં નીચે મુજબનાં વડોદરા મુકામે સ્થાપવામાં આવેલા છેલ્લા ચાર એવોર્ડસ **મુંબઈ મુકામે તા. ૧૭/૧૮-૯- ૨૦૧૧**નાં રોજ યોજાનાર **કારોબારી સભા** મધ્યે એનાયત કરવામાં આવશે.

૧) **મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ**
**શ્રેષ્ઠ રઘુવંશી કન્યા છાત્રાલય / કુમાર છાત્રાલય એવોર્ડ**

૨) **પ. પૂ. પ્રાતઃ સ્મરણીય સંત શ્રી હરીરામ બાપા પ્રેરિત**
**(શ્રી હરીરામ સેવા કેન્દ્ર, અમદાવાદ)**
**શ્રેષ્ઠ રઘુવંશી ગૌ સેવા કેન્દ્ર / ગૌ સેવક એવોર્ડ**

૩) **શ્રીમતી કમલબેન કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા)**
**શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડ (સંઘર્ષ ગાથા આધારિત)**

૪) **મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ**
**શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ (વિશિષ્ટ સેવા - વિશિષ્ટ પ્રવૃત્તિ)**

રઘુવંશી સમાજમાં પડેલી ઉત્તમોત્તમ પ્રતિભાઓને શોધી કાઢી તેનું જાહેરમાં સન્માન કરીએ જેથી સમગ્ર રઘુવંશી સમાજ તેની પ્રતિભાને જુએ, પીછાણે અને તેની કદર કરે તેમજ અન્ય રઘુવંશીઓને માર્ગદર્શનરૂપ પ્રેરણા મળે. આવા ઉમદા હેતુથી કુલ ૧૨ એવોર્ડસની સ્થાપનાનું બીડું માતૃસંસ્થાએ ઝડપ્યું હતું જે પરિપૂર્ણ થયું છે.

**સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ કન્યા છાત્રાલય / કુમાર છાત્રાલય, શ્રેષ્ઠ ગૌ સૈવા કેન્દ્ર / ગૌ સેવક, શ્રેષ્ઠ નારી ગૌરવ પ્રતિભા તેમજ શ્રેષ્ઠ વિશિષ્ટ પ્રતિભાની શોધ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ આપ સૌ સુજ્ઞ વાંચકોને, સૌ મહાજન સંસ્થાઓને, તથા સમગ્ર રઘુવંશી સમાજને નોમીનેશન્સ મોકલવા જાહેર આમંત્રણ આપે છે.** આમંત્રિત નોમીનેશન નીચે જણાવ્યા મુજબની સરળ વિધિ તેમજ નિયમોને આધિન રહેશે.

૧. નોમીની / નોમીની સંસ્થાનું પુરું નામ, સરનામું, સંપૂર્ણ બાયોડેટા (જન્મ તારીખ, ફોન નંબર, મોબાઈલ નંબર તથા ઈમેઈલ એડ્રેસ સાથે) મોકલવાનો રહેશે. (અરજીનું ફોર્મેટ માતૃસંસ્થાની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પરથી આપ ડાઉનલોડ કરી શકશો.

૨.જે તે કેટેગરીની પ્રતિભા (સિદ્ધિઓને) પુષ્ટિ આપતાં દસ્તાવેજો, પ્રમાણપત્રો, અખબારો કે મેગેઝીનમાં છપાયેલી પ્રશસ્તિ અને અન્ય જે સાહિત્ય હોય તેની જે તે લોહાણા મહાજનનાં પ્રમુખ અથવા મંત્રીનાં સહી - સિક્કા સાથે પ્રમાણિત થયેલ નકલો અરજી સાથે બીડવાની રહેશે.

૩. આ ઉપરાંત નોમીની / નોમીની સંસ્થાની સિદ્ધિઓને દર્શાવતી વીડીયો સીડી (અલગ અલગ કાર્યો / પ્રવૃત્તિઓ સિદ્ધિઓની ફક્ત શ્રેષ્ઠ ઝલકો સમાવતી) પણ ફરજીયાતપણે બીડવાની રહેશે જેનો ઉપયોગ નોમીનીઝની સિદ્ધિઓને પ્રોજેક્ટર વિગેરેની મદદથી સભામાં ઉપસ્થિત રઘુવંશી શ્રેષ્ઠીઓને દર્શાવવા માટે તેમજ પસંદગીની પારદર્શિતાને સમર્થન માટે કરવામાં આવશે.

૪. જો નોમીની સંસ્થા હોય તો તેવી સંસ્થાનો છેલ્લો વાર્ષિક અહેવાલ તથા ઓડીટેડ અકાઉન્ટસ્‌ની નકલો ફરજીયાતપણે અરજી સાથે બિડવાની રહેશે.

૫. મળેલાં નોમીનેશન્સમાંથી પસંદગી કરવાનું સંપૂર્ણ કાર્ય સ્વતંત્ર રીતે નીમેલી પસંદગી સમિતિ કરશે જેનો નિર્ણય સર્વેને સંપૂર્ણ પણે બંધનકર્તા રહેશે.

૬. તમામ નોમીનીઝની અરજીઓ, તે સાથે બિડેલ દસ્તાવેજોની નકલો તથા સિદ્ધિઓ વર્ણાવતી / દર્શાવતી વિડીયો સીડી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની માલિકીની બનશે અને તે પરત આપવામાં આવશે નહીં.

રઘુવંશી સમાજમાં તમામ સ્તરે જાગૃતિ લાવવા, પ્રવૃત્તિઓનાં માધ્યમથી ચેતનાનો સંચાર કરવા, તંદુરસ્ત હરીફાઈ કરવા, સંગઠન અને એકતા માટેની ભાવના જાગૃત કરવા તથા અન્ય માટે માર્ગદર્શનરૂપ પ્રેરણાનું વાતાવરણ ઉભું કરવાના શુભભાવથી શરૂ કરેલ આ **'એવોર્ડઝ એનાયત કાર્યક્રમ'**ને હરહંમેશ આપ સૌનો ઉત્તમ સહયોગ, સહકાર અને સાથ મળશે જ તેવી નમ્ર અપેક્ષા છે.

નેણશીભાઈ જી. મીરાણી, મંત્રી
જીતેન્દ્ર જે. ઠક્કર, મંત્રી
**શ્રી લોહાણા મહાપરિષદ**